www.GovtBharti.in

# સમાસ

- **સમાસ એટલે શું ?**

→ બે કે વધુ શબ્દો જોડાઈને નવા જ અર્થવાળો એક શબ્દ બને તેને સમાસ કહેવામાં આવે છે. પરસ્પર જોડાયેલા આ શબ્દો વચ્ચે જુદી જુદી જાતનો સંબંધ હોય છે.

દા.ત. રામસીતા = રામ અને સીતા   પ્રેમવશ = પ્રેમને વશ

ચોમાસું = ચાર માસનો સમૂહ   યથાશક્તિ = શક્તિ અનુસાર

→ શબ્દો વચ્ચે સંબંધ કે સંદર્ભ દર્શાવતા પ્રત્યય કે શબ્દોનો સમાસ-માં લોપ થયેલો હોય છે. સમાસનાં શબ્દને છૂટા પાડીને લોપ પામેલો પ્રત્યય કે શબ્દ ઉમેરતાં જ શબ્દનો અર્થ સ્પષ્ટ થાય છે. ટૂંકમાં,

<1> બે કે વધારે શબ્દોનાં સંયોગથી થયેલો શબ્દ તે સમાસ.

<2> બે કે વધુ શબ્દો ભેગા થાય તે સમાસ

<3> સમ્ એટલે સાથે, આસ એટલે બેસવું. શબ્દોનું, એકસાથે બેસવું એનું નામ સમાસ

- **પૂર્વપદ :-**

→ સમાસનાં શબ્દોમાં જે શબ્દ પ્રથમ હોય તે પૂર્વપદ કહેવાય.

દા.ત. રામસીતા – અહીં રામ એ પૂર્વપદ છે.

- **ઉત્તરપદ :-**

→ સમાસનાં શબ્દોમાં જે શબ્દ બીજો અથવા પછીનો હોય તે ઉત્તરપદ કહેવાય.

દા.ત. રામસીતા – અહીં સીતા એ ઉત્તરપદ છે.

- **વિગ્રહ એટલે શું ?**

→ સમાસનાં શબ્દોને છૂટા પાડવાની ક્રિયાને સમાસનો વિગ્રહ કહેવામાં આવે છે. ટૂંકમાં સામાસિક પદનાં શબ્દોને છૂટા પાડીને સમજાવવાની પ્રક્રિયાને સમાસનો વિગ્રહ કહેવામાં આવે છે.

- **સમાસનાં પ્રકારો :-**

→ સમાસનાં કુલ ચાર પ્રકારો છે.

<1> દ્વન્દ્વ સમાસ   <3> બહુવ્રીહિ સમાસ

<2> તત્પુરુષ સમાસ   <4> અવ્યયીભાવ સમાસ

www.GovtBharti.in

## (૧) દ્વન્દ્વ સમાસ :-

→ દ્વન્દ્વ એટલે જોડકું. સમાન અધિકારવાળાં બે કે તેથી વધારે શબ્દોનાં બનેલા સમાસને દ્વન્દ્વ કહેવામાં આવે છે. તેનો વિગ્રહ 'અને', 'ને', 'કે', 'અથવા'-જેવા પ્રત્યય-પદોથી થતો હોય છે.

દા.ત. રાતદિવસ = રાત અને દિવસ  ચાર પાંચ = ચાર કે પાંચ
ખા-પાણી = ખા અને પાણી  તનમન = તન કે મન
હાથ-પગ = હાથ અને પગ  આબોહવા = આબો અને હવા

દ્વન્દ્વ સમાસનાં ત્રણ પેટા પ્રકારો જોવા મળે છે.

### (A) સમુચ્ચય અથવા સમાહાર દ્વન્દ્વ :-

→ આ સમાસ સમૂહનું સૂચન કરતો હોય તો તેને સમુચ્ચય દ્વન્દ્વ સમાસ કહેવામાં આવે છે.

દા.ત. શાકભાજી, દવાદારૂ, રૂપરંગ, હવાપાણી વગેરે.

### (B) વૈકલ્પિક દ્વન્દ્વ સમાસ :-

→ આ સમાસ જો વિકલ્પ દર્શાવતો હોય તો તેને વૈકલ્પિક દ્વન્દ્વ સમાસ કહેવામાં આવે છે.

દા.ત. = લાભાલાભ = લાભ કે અલાભ
જયપરાજય = જય કે પરાજય

### (C) ઈતરેતર દ્વન્દ્વ સમાસ :-

→ બંને પદો સમાન કક્ષાનાં હોય છે, જે 'અને' નાં સંબંધથી જોડાયેલા હોય છે તે ઈતરેતર દ્વન્દ્વ સમાસ કહેવાય છે. આ સમાસ હંમેશા બહુવચનમાં પ્રયોજાય છે.

દા.ત. સુખદુઃખ - સુખ અને દુઃખ  સૂર્યચંદ્ર - સૂર્ય અને ચંદ્ર
ગંગાજમના - ગંગા અને જમના

## (૨) તત્પુરુષ સમાસ :-

→ તત પુરુષ = તેનો પુરુષ, ષષ્ઠી તત પુરુષ સમાન થાય.

→ જે સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ વિભક્તિનાં પ્રત્યયથી જોડાયેલા હોય તેને તત્પુરુષ સમાસ કહે છે. સમાસનાં બન્ને પદો જે વિભક્તિનાં પ્રત્યયથી જોડાયેલાં હોય તે પ્રમાણે જે તે વિભક્તિનાં તત્પુરુષ સમાસ તરીકે તે ઓળખાય છે.

www.GovtBharti.in

<A> **દ્વિતીય તત્પુરુષ સમાસ** :- [પ્રત્યય 'ને']

→ જે સમાસમાં પૂર્વપદ તથા ઉત્તરપદ બીજી વિભક્તિનાં પ્રત્યયથી જોડાયેલા હોય તેને દ્વિતીય તત્પુરુષ સમાસ કહેવામાં આવે છે.

દા.ત. પ્રેમવશ - પ્રેમને વશ　　સ્વાધીન - સ્વને આધીન

કર્માધીન - કર્મને આધીન　　સભાપાત્ર - સભાને પાત્ર

મરણશરણ - મરણને શરણ　　દૈવાધીન - દૈવને આધીન

<B> **તૃતીય તત્પુરુષ સમાસ** :- [પ્રત્યય થી, થકી, વડે]

→ જે સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ ત્રીજી વિભક્તિનાં પ્રત્યયથી જોડાયેલું હોય તો તેને તૃતીય તત્પુરુષ સમાસ કહેવામાં આવે છે.

દા.ત. તૃષાતુર = તૃષાથી આતુર　　મંત્રમુગ્ધ = મંત્રથી મુગ્ધ

ધ્યાનયુક્ત = ધ્યાનથી યુક્ત　　ચિંતાતુર = ચિંતા વડે આતુર

<C> **ચતુર્થી તત્પુરુષ સમાસ** :- [પ્રત્યય 'માટે']

→ આ સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ ચતુર્થ વિભક્તિથી જોડાયેલ હોય છે.

દા.ત. કાકબલિ = કાક માટે બલિ　　દેવદાજ = દેવ માટે દાજ

વરમાળા = વર માટે માળા　　રંગભૂમિ = રંગ માટે ભૂમિ

<D> **પંચમી તત્પુરુષ સમાસ** :- [પ્રત્યય 'થી', 'માંથી', 'કરતાં']

દા.ત. બંધનમુક્ત = બંધનમાંથી મુક્ત

બ્રાહ્મણેતર = બ્રાહ્મણથી ઈતર

<E> **ષષ્ઠી તત્પુરુષ સમાસ** :- [પ્રત્યય 'નો, ની, નું, નાં']

→ અહિં પૂર્વપદ - ઉત્તરપદ છઠ્ઠી વિભક્તિનાં પ્રત્યયથી જોડાયેલું હોય છે.

દા.ત. દેવાલય = દેવીનું આલય　　રથસ્પર્ધા = રથની સ્પર્ધા

વનમાળી = વનનો માળી　　બજારભાવ = બજારનાં ભાવ

<F> **સાતમી તત્પુરુષ સમાસ** :- [પ્રત્યય 'માં, એ, પ્રત્યે']

→ અહિં પૂર્વપદ - ઉત્તરપદ સાતમી વિભક્તિથી જોડાયેલું હોય છે.

દા.ત. વનવાસ = વનમાં વાસ　　વાણીશૂરો = વાણીએ શૂરો

- **મધ્યમપદલોપી સમાસ** :-

→ આ સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે રહેલું મધ્યમપદ લોપ પામેલું હોય છે. વિગ્રહ કરતી વેળા મધ્યમપદ ઉમેરીએ તો તેનો અર્થ બરાબર ઉપસી આવે છે.

www.GovtBharti.in

દા.ત. દહીંવડા - દહીંમાં આથેલાં વડાં, ઘોડાગાડી - ઘોડાથી ચાલતી ગાડી
શિલાલેખ - શિલા ઉપર કોતરેલો લેખ, દીવાદાંડી - દીવો દર્શાવતી દાંડી

- ઉપપદ સમાસ :-

→ આ સમાસ પણ તત્પુરુષનો જ એક પ્રકાર છે. એમાં પણ પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે કોઈને કોઈ વિભક્તિ સંબંધ હોય છે. પણ આ સમાસમાં પૂર્વપદ નામિક હોય છે. અને ઉત્તરપદ ક્રિયા સૂચવતું હોય છે. તથા સમસ્ત પદ અન્ય પદનાં વિશેષણ તરીકે વપરાય છે.

દા.ત. મનોહર = મનને હરી લેનાર, કથાકાર = કથા કરનાર
પ્રેમદા = પ્રેમ આપનાર, પૂર્વજ = પૂર્વે જન્મનાર

- કર્મધારય સમાસ :-

→ આ સમાસમાં પૂર્વપદ અને ઉત્તરપદ પ્રથમ વિભક્તિથી જોડાયેલાં હોય છે. તેમાં એક પદ વિશેષણ હોય છે અને બીજું પદ નામ (વિશેષ્ય) હોય છે.

દા.ત. પરગામ = બીજું ગામ, મહર્ષિ = મહાન ઋષિ
મહારાજ = મહાન રાજા, ભાષાંતર = અન્ય ભાષા
પીતાંબર = પીળું વસ્ત્ર, પરમેશ્વર = પરમ ઈશ્વર

(A) ઉપમિત સમાસ :-

→ આ સમાસ કર્મધારય સમાસનો પેટા વિભાગ છે. એમાં પૂર્વપદ અને ઉત્તરપદ વચ્ચે ઉપમાન - ઉપમેયનો અર્થાત્ સરખામણીનો સંબંધ હોય છે.

દા.ત. વદનકમળ = કમળ જેવું વદન, ઘનશ્યામ = ઘન જેવો શ્યામ
મુખચંદ્ર = ચંદ્ર જેવું મુખ, નરસિંહ = સિંહ જેવો નર

(B) દ્વિગુ સમાસ :-

→ આ સમાસ પણ કર્મધારય સમાસનો પેટા વિભાગ છે. જેમાં પૂર્વપદ સંખ્યાવાચક વિશેષણ હોય છે. જ્યારે ઉત્તરપદ નામ હોય છે. આ સમાસ હંમેશા સમૂહનો અર્થ સૂચવે છે.

દા.ત. ચોમાસું = ચાર માસનો સમૂહ
ષટરસ = છ રસનો સમૂહ
ત્રિભુવન = ત્રણ ભુવનનો સમૂહ
નવરાત્રી = નવ રાતનો સમૂહ
ત્રિપદ = ત્રણ પદનો સમૂહ

www.GovtBharti.in

www.GovtBharti.in

## (૮) વિશેષણ સમાસ :-

→ આ સમાસ પણ કર્મધારય સમાસનો પેટાવિભાગ છે. કર્મધારય સમાસનાં બંન્ને પદ જ્યારે વિશેષણ ત્યારે તે સમાસને વિશેષણ સમાસ કહેવામાં આવે છે.

દા.ત. લાલપીળો = લાલ અને પીળો   શીતોષ્ણ = શીતળ અને ઉષ્ણ
ખાટાંમીઠાં = ખાટાં અને મીઠાં   સુંદરસુંદર = સુંદર અને સુંદર

## ● બહુવ્રીહિ સમાસ :-

→ આ સમાસમાં પણ કર્મધારય સમાસની જેમ જ પૂર્વપદ વિશેષણ અને ઉત્તરપદ નામ (વિશેષ્ય) હોય છે. આમ છતાં પણ આ બંન્નેમાં તફાવત છે.

→ કર્મધારય સમાસમાં બંને પદ વચ્ચે પ્રથમા વિભક્તિનો સંબંધ હોય છે. જ્યારે બહુવ્રીહિ સમાસમાં પ્રથમા સિવાયની બીજી વિભક્તિનાં પ્રત્યયોથી પૂર્વપદ અને ઉત્તરપદ જોડાયેલા હોય છે.

→ આ સમગ્ર સમાસ અન્ય કોઇનાં વિશેષણ તરીકે પ્રયોજાય છે જેથી એનો વિગ્રહ કરતી વેળા 'જે' પ્રત્યયની સાથે પ્રથમા વિભક્તિ સિવાયની વિભક્તિનાં પ્રત્યય લગાડવા પડે છે.

દા.ત. મહાબાહુ = મહાન બાહુ જેના છે તે
પીતાંબર = પીળું વસ્ત્ર જેનું છે તે
દશમુખ = જેને દશ મુખ છે તે

## ● અવ્યયીભાવ સમાસ :-

→ જે સમાસનું પૂર્વપદ અવ્યય હોય અથવા તો આખો સમાસ અવ્યય તરીકે વપરાતો હોય ત્યારે તેવા સમાસને અવ્યયીભાવ સમાસ કહે છે. આ આખા સમાસનું અવ્યયીકરણ થયું હોય છે.

→ પૂર્વપદ અવ્યય હોય, ઉત્તરપદ નામ હોય અને સમસ્ત પદ ક્રિયાવિશેષણ હોય છે.

દા.ત. યથાશક્તિ = શક્તિ પ્રમાણે   આજીવન = જીવન સુધી
પ્રતિદિન = દરેક દિવસ   આબાલવૃદ્ધ = બાળકોથી લઈને વૃદ્ધ સુધી
પ્રતિ વર્ષ = દરેક વર્ષ
પ્રત્યક્ષ = આંખની સામે   ગામેગામ = દરેક ગામ
પરોક્ષ = આંખથી દૂર   રોમેરોમ = દરેક રોમ
આવર્ષ = વર્ષ સુધી   યથાર્થ = અર્થ પ્રમાણે
પ્રત્યેક = દર એક   દેશોદેશ = દરેક દેશ

www.GovtBharti.in

## સમાસ ઓળખાવો :-

(1) વાડીવજીફો
(2) આગગાડી
(3) ભાગંભાગ
(4) ચતુર્ભુજ
(5) ધર્મચ્યુત
(6) રૂમાલ
(7) શોકાતુર
(8) દેશાંતર
(9) આજીવન
(10) ભક્તિપ્રિય
(11) ઉત્તરાવસ્થા
(12) પંચવટી
(13) સુખશાંતિ
(14) પ્રભુભક્તિ
(15) રપાલપેરી
(16) ભવાટવી
(17) નમાયાં
(18) યથામતિ
(19) ઘનશ્યામ
(20) ભૂલચૂક

(21) નિંદ્રાધીન
(22) દેવાલય
(23) યુધિષ્ઠિર
(24) ગ્રંથકાર
(25) પરમેશ્વર
(26) આખાબોલા
(27) ગીતાર્થ
(28) ખરરસ
(29) વદન સુધાકર
(30) સરસિજ
(31) દરરોજ
(32) ગોવિંદ
(33) પ્રેક્ષકગૃહ
(34) પ્રેમવશ
(35) વરમાળા
(36) જનેસા જનસેવા
(37) દંપતી
(38) નભોવિહાર
(39) આવકવેરો
(40) જ્ઞાનદીપ

www.GovtBharti.in